**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૦/૧૦/૨૦૧૫ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૧૨૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી ૪૨૬ લીટર દેશી દારૂ, ૧૪૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૧૨ બિયર ટીન, સ્કુટર અને ૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધાર હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૧૨૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશ:-** **સમાચાર યાદી નં.૨૧૨૯/૧૫**

**ગાયકવાડ હવેલી:** મોહમંદજાવેદ દીલાવરખાન પઠાણ (રહે.ચંપામીલની ચાલી, એલેહધીસ મસ્જીદની બાજુમા મુંડા દરવાજા જમાલપુર) એ વા.સા.હોસ્પીટલ ખાતે ગાયકવાડ હવેલી પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) શાબીર મેડમ (૨) જાકીર મેડમ અને (૩)શાબીર મેડમો ભાણીયો ત્રણેય ભેગા મળી અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી તા.૨૦/૧૦/૧૫ કલાક ૨/૧૦ વાગ્યાના સુમારે મોહમંદજાવેદ પઠાણના ઘરે આવી બોલાચાલી ઝઘડો કરી આરોપી શાબિર મેડમે છરી વડે મોહમંદજાવેદ પઠાણના માતા ફિરોદાબહેનને પેટની નીચે કમરના ભાગે ડાબી બાજુ ત્રણ-ચાર ઘા મારેલ તેમજ જમણા હાથના કોણીના નીચેના ભાગે છરીના ઘા મારેલ તેમજ જમણી આંખના ભ્રમરના ઉપરના ભાગે ઘા મારેલ અને જાકિર મેડમે છરી વડે મોહમંદજાવેદ પઠાણને પણ ગાલ ઉપર તેમજ જમણી તથા ડાબી બાજુ છાતીના ભાગે છરીના ઘસરકા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી આ ત્રણેય આરોપીએ જીવલેણ હુમલો કરી જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એમ.શેલાર ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૨૧૩૦/૧૫**

**ગુજરાત યુનિવર્સિટી:** કુનાલ રાજુભાઈ યશોદા (રહે.રૂપનગર એપાર્ટમેન્ટ સોરાબજી કંપાઉન્ડ જુનાવાડજ) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૦/૧૫ કલાક ૦૦/૦૦ થી તા.૧૯/૧૦/૧૫ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન નવરંગપુરા કોમર્સ છ રસ્તા ખાતે નિલામ્બર કોમ્પલેક્ષમાં આવેલ પોતાની દુકાન નંબર બી/૧ ના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી લેડીઝ જીન્સ નંગ-૧૨૦ લેડીઝ ટી-શર્ટ નંગ-૧૦૦ અને લેપટોપ કિ કિમત રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૮૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે આર ભાચકન ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૧/૧૫**

**ગુજરાત યુનિવર્સિટીઃ** રાજેશકુમાર યાદવ, યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયાના ચીફ મેનેજર (ડી.એસ.આર.માર્ગ શાખા ગણેશ ચેમ્બર્સ દર્પણ ચાર રસ્તા નારણપુરા) એ તા.૧૯/૧૦/૧૫ નારોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૩/૨૦૦૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મેમર્સ માલુ ,ટ્રેડલીંક પ્રા.લી. ( રહે.એ/૨ હરીકૃપા એપાર્ટમેન્ટ નારણપુરા )(૨) અજય એસ માલુ (૩) નીના અજય માલુ (બન્ને મેમર્સ માલુ ટ્રેડલીંક પ્રા.લી.ના ડાયરેકટર) (૪) નીરવ વી પંચાલ (૫) તોરલ નિરવ (બન્ને રહે. ચોથો માળ ગાર્ડન વ્યુ એપાર્ટમેન્ટ ગુલબાઈ ટેકરા) એ ભેગા મળી નારણપુરા દર્પણ ચાર રસ્તા ડી.એસ.આર.માર્ગ યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયા માંથી ધંધા માટે ફેસેલીટી ૬૦,૦૦,૦૦૦/- મેળવી લઈ ધંધાનો સ્ટોક બેન્કની જાણ બહાર વેચી બેન્કમાં પૈસા જમા નહી કરાવી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ એમ રાજ્યગુરૂ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** અલ્તાફખાન અબ્બાસખાન પઠાણ ( રહે. ન્યુઓના કટપીસ સ્ટોર્સની સામે પગથીયા પાસે જમાલપુર) એ તા.૧૯/૧૦/૧૫ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૯/૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) શક્તિસિંહ વાઘેલા (રહે.ઓરેન્જ એવન્યુ મેપલ કાઉન્ટી) (૨) આશિષ (જેના પુરા નામ સરનામાની ખબર નથી (૩) યોગેશભાઈ શુકલા (રહે. આંબાવાડી) એ ભેગા મળી વા.સા.હોસ્પીટલ સામે તુલીપ ટાવરમાં આવેલ આલ્ફા માર્કેટીંગ નામની દુકાન ખાતે અલ્તાફખાનને બેન્કની ખોટી પે.ઈન સ્લીપ તથા આઈસીઆઈસીઆઈ બેન્કના બોગસ ડ્રાફ્ટ અલ્તાફખાનના ઈ-મેઈલ પર મોકલી વિશ્વાસમાં લઈ ડાઈકીન કંપનીના એસી નંગ-૭ મેળવી લઈ રૂપિયા ૩,૮૪,૫૦૦/- નહી આપી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે એસ કંડોરીયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૨/૧૫**

**સોલા હાઇકોર્ટઃ** પાર્થ રણછોડભાઈ પટેલ (રહે.શાયોના સીટી વિભાગ-૧ ઘાટલોડીયા) એ તા.૧૯/૧૦/૧૫ રાતના ૮/૩૦ વાગ્યાથી તા.૨૦/૧૦/૧૫ કલાક ૦૦/૩૦ વાગ્યા દરમ્યાન રામદેવ મસાલા સીટી બસ સ્ટેન્ડની બાજુમાં અમિરાજ પાર્ટી પ્લોટ નજીક પાર્ક કરેલ પોતાની કારના ના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ પાર્થ પટેલે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી કે અસોડા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૩/૧૫**

**સોલા હાઇકોર્ટ :** રમેશજી મુળાજી વણઝારા (રહે.માં શકિતનગર, વણઝારાનાં છાપરાં, ચાણક્યપુરી) એ તા.૧૫/૧૦/૧૫ સાંજના ૬/૦૦ વાગે ઘર નજીક પાર્ક કરેલ પોતાનું મહિન્દ્રા કંપનીનું ટ્રેકટર નંબર જીજે.૧૮.એ.આર.૫૦૪૭ અને ટ્રોલી નંબર જીજે.૧૮.એ.યુ.૬૭૭૫ મળી કુલ કિમત રૂપિયા ૨,૮૫,૦૦૦/- નું પાર્ક કર્યુ હતુ. જેની કોઇ અજાણી વ્યક્તિ તા.૧૬/૧૦/૧૫ નાં કલાક ૭/૩૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન ચોરી કરી લઇ ગઇ હતી. આ અંગેની ફરીયાદ રમેશજી વણઝારાએ તા.૧૯/૧૦/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૩૪/૧૫</u>**

**ઓઢવ :** પ્રહલાદજી મણાજી ઠાકોર (રહે.ગામ, પ્રાંતિયા, ઠાકોરવાસ, તા.જી.ગાંધીનગર) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૦/૧૫ બપોરનાં ૩/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ રીંગ રોડ સર્કલ તરફ જવાનાં રોડ ઉપરથી પ્રહલાદભાઇ પોતાની પત્ની સમજુબહેન (ઉ.વ.૪૦) અને પુત્રીને મોટર સાયકલ પાછળ બેસાડી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન ટ્રક નંબર જીજે ૧ એવી ૩૩૪૭ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી, મોટર સાયકલને ટક્કર મારતાં, સમજુબહેનનાં માથા ઉપરથી ટ્રકનું વ્હીલ ફરી વળતાં, સમજુબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૩૫/૧૫</u>**

**દાણીલીમડા :** લક્ષ્મણભાઇ રેવાભાઇ પરમારે (ઉ.વ.૭૯)(રહે.સિધ્ધેશ્વરી સોસાયટી, દાણીલીમડા) એ બીમારીથી કંટાળી જઇ, તા.૧૮/૧૦/૧૫ નાં કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઉધઈ મારવાની દવા પી લીધી હતી. સારવાર માટે સરદાર પટેલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં તા.૧૯/૧૦/૧૫ કલાક ૮/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આઇ.કે.બોદર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)